## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



કાકા ભલે તમે 'બચપન'માં બધી રસી લઈ લીધી છે પરંતુ આ 'પચપન'માં લેવાની રસી છે...!!

# બસમાં ભીડનો લાભ લઈ દાંત વડે સોનાનો દોરો તોડતા બે શખ્સો ઝડપાયા

### એલસીબી પોલીસે ૪,૧૬,૫૫૮ની કિંમતના ૪ દોરા કબ્જે કર્યા, વધુ ત્રણ દોરા મળી આવ્યા

ગાંધીનગર, તા.૧૧

બસ સ્ટેન્ડ પર બસમાં બેસવા જતા અને ઉતરતા મુસાફરોની ભીડનો લાભ લઈ મુસાફરના ગળામાંથી સોનાના દોરા દાંતથી તોડી ચોરી કરતા બે શખ્સોને અડાલજ ત્રિ -મંદિર પાસેથી એલસીબી-૧ પોલીસે દબોચી લીધા છે. પોલીસે ચોર શખ્સો પાસેથી સોનાના ૪ દોરા કિં.રૂ.૪,૧૬,૫૫૮ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૧ પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ ડી.એસ.રાઓલ અને જવાનો અડાલજ અને ઉવારસદ ચોકડી ખાતે શંકાસ્પદ વાહનોની વોચમાં હતા. તે સમયે હેડ કોન્સ્ટેબલ વિજયસિંહ અને અનુપસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી. વિષ્ણુ ઉર્ફે કાચબો સંપતભાઈ દેવીપુજક અને વિષ્ણુ હીરાભાઈ દેવીપુજક (રહે.બંન્ને ચાણસ્મા) પીક પોકેટીંગના ગુના કરે છે. જયારે ખાસ કરીને એસ.ટી.સ્ટેન્ડ પર ખાસ કરીને બસમાં ઉપર ચઢતા થતી ગરદીનો ફાયદો ઉઠાવી પેસેન્જરોના ગળામાંથી દોરા તોડે છે. હાલ બંન્ને અડાલજ ત્રિ-મંદિર નજીક મહેસાણા તરફ જવાના બસ સ્ટેન્ડ પર હાજર છે. જેથી એલસીબી પોલીસે તાત્કાલીક અડાલજ ત્રિ-મંદિર નજીક મહેસાણા તરફ જવાના માર્ગ પર બસ સ્ટન્ડની ભીડમાં વર્ણનવાળા બે શખ્સોને મુસાફરો વચ્ચે આંટાફેરા મારતા શંકાસ્પદ હાલતમાં પકડી પાડ્યા હતા. એલસીબી પોલીસે બંન્ને શખ્સોની અંગજડતી લેતા તેમની પાસેથી કુલ ૪ સોનાના દોરા કિ.૪,૧૬,૫૫૮ ની મળી આવ્યા હતા. પોલીસે દોરા અંગે આધારપુરાવા માંગતા યોગ્ય જવાબ આપી શકયા ન હતા. જયારે પોલીસે ઉંડાણપૂર્વક વધુ તપાસ કરતા ચાર સોનાની ચેઈન પૈકી એક સોનાની ચેઈન બે માસ પહેલા અડાલજ ત્રિ મંદિર સામે મહેસાણા તરફ જવાના માર્ગ પર ભીડનો લાભ લઈ એક બહેનના ગળામાંથી દાંત વડે તોડી લીધો હતો.જયારે બાકીના પણ ત્રણ દોરા આ રીતે અલગ અલગ જગ્યાએથી તોડ્યા હોવાની કબુલાત કરી છે.

એક સોનાના દોરા અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.જયારે બાકીના ત્રણ દોરા તેઓએ ક્યાંથી તોડયા તે અંગે ખુલાસો કર્યો નથી. જયારે આરોપી વિષ્ણુ ઉર્ફે કાચબો ચાણસ્મા અને મહેસાણા એ તેમજ બી ડિવીઝન પોલીસ મથકમાં મારામારી જાહેરનામા ભંગ તેમજ ચોરીના ૩ ગુનામાં પકડાયેલ છે. જયારે આરોપી વિષ્ણુ વર્ષ ૨૦૧૩માં સે-૭ પોલીસ મથકના ચોરીના ગુનામાં ઝડપાયો હતો. ઉલ્લેખનીય છે કે આરોપી વિષ્ણુ ઉર્ફે કાચબા એ બે માસ પહેલા અડાલજ ત્રિ મંદિર પાસેથી સોનાનો દોરો તોડ્યો હતો. આરોપીઓ દાંતથી દોરા તોડવામાં માહિર છે. તેઓ દાંતથી જાડો સોનાનો દોરો પણ સરળતાથી તોડી લે છે.

## ખૂણેખાંચરેથી

- રાજયના મુખ્ય સચિવ અનિલ મુકીમ આજે બર્ડ ફ્લુ અને કોરોના વલેક્સીનેશનની તૈયારીઓ અંગે બપોરે ૧ વાગે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સમીક્ષા કરશે.
- બર્ડ ફ્લુના કેસો ગુજરાતમાં થયાના અહેવાલોને પગલે જિલ્લાતંત્રએ સર્વેલન્સ સઘન કરવાની સૂચનાઓ જારી કરી છે.
- જિલ્લામાં ધીમીગતિએ બટાટાના નવા પાકની આવક શરૂ થઈ છે. હાલ માર્કેટયાર્ડોમાં બટાટાનો ભાવ ૨૫૦ની આસપાસ ચાલી રહ્યો છે.
- જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા આજે વેક્સીનેશન સેન્ટર પર ફરજ બજાવવા માટે પસંદ કરાયેલા સાથી વિભાગોના કર્મયોગીઓને વર્ચ્યુઅલ ટ્રેનીંગ આપશે.
- જિલ્લામાં કોરોનાના ઘટાડાના ટ્રેન્ડ વચ્ચે આજે ૧૬ કેસ નોંધાતા તંત્ર ચોંકન્ન બન્યુ છે.
- કલોલ અને દહેગામ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ માટે ગાંધીનગર મનપા પાસેથી ઈ.વી.એમ. મેળવી ઉપીયોગમાં લેવામાં આવશે.
- ગાંધીનગર તાલુકા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં ૩ સભ્યો ગેરહાજર રહ્યા હતા.
- રાજયપાલ દેવવ્રત આચાર્યએ સદ્‌ગત માધવસિંહ સોલંકીના નિવાસસ્થાને પહોંચી પરિવાર જનોને સાંત્વના પાઠવી હતી.

# રંગ-ઉમંગ-ઉત્સાહ સાથે આઈ.આઈ. ટી.ઈ.ના કલાકુંજ-૨૦૨૧નું સમાપન

### ઓફલાઈન-ઓનલાઈનના બ્લેન્ડેડ માધ્યમથી યોજાયેલા યુથ ફેસ્ટિવલના સમાપને શાહબુદ્દીન રાઠોડ ઉપસ્થિત રહ્યા : ૫૦ કોલેજોના ૫૯૦થી વધુ વિદ્યાર્થીઓએ ૨૫ સ્પર્ધાઓમાં ભાગ લીધો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના સે-૧૫ ખાતે સ્થિત ભારતીય શિક્ષક પ્રશિક્ષક સંસ્થાન (ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન – આઈઆઈટીઈ)ના બે દિવસીય યુવા મહોત્સવ – 'કલાકુંજ ૨૦૨૧'નું સમાપન ૧૦ જાન્યુઆરીના રોજ ગુજરાતના વરિષ્ઠ હાસ્ય કલાકાર અને શિક્ષક પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડની ઉપસ્થિતિમાં થયું હતું. બે દિવસીય યોજાયેલા યુથ ફેસ્ટિવલ 'કલાકુંજ ૨૦૨૧'માં ટીચર યુનિવર્સિટી સાથે સંલગ્ન વિવિધ જિલ્લા શિક્ષણ તાલીમ ભવનો સહિત કુલ ૫૦ શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓના ૫૯૦ વિદ્યાર્થીઓ ૨૫ જેટલી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.



કાર્યક્રમનો પ્રારંભ તા. ૯મી જાન્યુઆરીના રોજ આઈઆઈટીઈના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલા ઉદ્‌ઘાટન સત્રમાં જુનાગઢની ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ચેતન ત્રિવેદીના હસ્તે થયો હતો, ગુજરાતનાં નાટ્યજગતનાં વરિષ્ઠ નાટ્યકર્મી અને દિગ્દર્શિકા અદિતિ દેસાઈએ શિક્ષકોને કલાને એક માધ્યમ તરીકે શિક્ષણ પ્રક્રિયામાં વણી લેવાનો પ્રેરક સંદેશ આપ્યો હતો.



પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડે તેમની રમૂજભરેલી પરંતુ માર્મિક વાતોથી શિક્ષક બનવા જઈ રહેલા તાલીમાર્થી વિદ્યાર્થીઓને સંદેશ આપ્યો કે શિક્ષકે ક્યારેય શીખવાનું છોડવું જોઈએ નહીં. એટલું જ નહીં, શિક્ષકે ગુણવાન, ચારિત્ર્યવાન હોવાની સાથે સાથે રમૂજવૃત્તિ પણ કેળવવી જોઈએ, જેથી વિદ્યાર્થીઓને તે સહજતાથી હળવી શૈલીમાં અઘરા વિષયો પણ શીખવી શકે.

કલાકુંજ ૨૦૨૧માં હળવું કંઠ્ય સંગીત, શાસ્ત્રીય સંગીત, પાશ્ચાત્ય સંગીત, ભારતીય શાસ્ત્રીય વાદ્ય સંગીત, પાશ્ચાત્ય વાદ્ય સંગીત, મિમિક્રી, વકૃત્વ, ક્વિઝ અને ડિબેટ ઉપરાંત ફોટોગ્રાફી, શીઘ્ર ચિત્ર, કોલાજ મેકિંગ, રંગોળી, પોસ્ટર મેકિંગ, ક્લે મોડેલિંગ, ઉપરાંત સમૂહ ગાન, ભારતીય શાસ્ત્રીય નૃત્ય, માઈમ, સ્કિટ, એકાંકી અને ગરબા જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન થયું હતું. જેમાંથી કેટલીક સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ઝૂમ, સ્ટ્રીમયાર્ડ જેવા ઓનલાઇન પ્લેટફોર્મ્સ પરથી ભાગ લીધો, જ્યારે કેટલીક સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓ પોતાના જિલ્લામાંથી પ્રવાસ કરીને આઈઆઈટીઈના પ્રાંગણમાં પહોંચ્યા હતા.





## વાવોલની એમ.બી. પટેલ વિદ્યાલય ખાતે શંભુજી ઠાકોરે વિદ્યાર્થીઓને આવકાર્યા

કોરોનાકાળમાં સૌથી વધુ અસરગ્રસ્ત બનેલું શિક્ષણ તંત્ર હવે કાર્યરત થયું ત્યારે વાવોલની શ્રી એમ.બી. પટેલ વિદ્યાલયમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને ધારાસભ્ય શંભુજી ઠાકોરે આવકાર્યા તથા શૈક્ષણિક કીટ આપી પ્રવેશોત્સવ આજે કરાવ્યો હતો. આ પ્રસંગે શંભુજી ઠાકોરે રાજય સરકારની વિવિધ વિકાસની યોજનાઓ અંગે સમજ આપી અભ્યાસ ચાલુ થતા દરેક વર્ગની મુલાકાત લીધી હતી તથા દીપ પ્રાગટય કર્યું હતું. તેમણે શિક્ષકો, વિદ્યાર્થીઓનો અભિપ્રાય લીધો તેમની સાથે ટ્રસ્ટી વિનોદ રાઠોડ અને અમરસિંહ ગોલ તથા આચાર્ય નિલેશભાઈ પટેલ જોડાયા હતા તેમજ શિક્ષણ વિભાગના એ.ડી.આઈ. ભરતભાઈ ચૌધરીએ પણ હાજર રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. શિક્ષકોમાં નારાયણભાઈ તથા રસિલાબેને વિદ્યાર્થીઓને આવકાર્યા હતા. પ્રથમ દિવસે કુલ ૫૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# અડાલજ ખાતે માણેકબા કૃષિ વિદ્યાલયમાં શૈક્ષણિક કાર્યનો પ્રારંભ

સમગ્ર રાજ્ય સહિત ગાંધીનગર જિલ્લામાં કોરોનાની સ્થિતિ ઘણે અંશે અંકુશમાં આવી રહી છે. દસ માસના લાંબા સમયગાળા બાદ આજે ગાંધીનગર જિલ્લામાં શાળા-કોલેજોમાં શૈક્ષણિક કાર્યનો આરંભ થયો છે. આજથી શાળા અને કોલેજો આરંભ થયેલ શૈક્ષણિક કાર્ય થકી સંચાલકો સહિત વિદ્યાર્થીઓમાં પણ ભારે ઉત્સાહ અને ઉમંગ જોવા મળી રહ્યો હતો. આજરોજ ગાંધીનગર જિલ્લામાં અડાલજ ખાતે આવેલી શ્રીમતી માણેકબા કૃષિ વિદ્યાલયમાં રાજ્યના ઊર્જામંત્રી સૌરભભાઇ પટેલ દ્વારા શાળામાં ઉપસ્થિત રહી શાળામાં આવતા વિદ્યાર્થીઓને કીટ આપીને આવકાર આપ્યો હતો.

આ પ્રસંગે ઊર્જામંત્રી સૌરભભાઈ પટેલે ધોરણ-૧૦ અને ૧૨ના ક્લાસરૂમની પણ મુલાકાત લીધી હતી. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સરકારની ગાઈડ લાઈનનું સુચારૂ અમલીકરણ થયું છે કે નહીં, તેનું વિવિધ ક્લાસરૂમમાં ફરીને નિરીક્ષણ કર્યું હતું. તેમણે વિદ્યાર્થીઓ સાથે નવ માસ દરમિયાન ઓનલાઈનના માધ્યમ થકી અભ્યાસ કરવાની સુવિધા કેવી રહી હતી, તેની માહિતી મેળવી હતી. તેમજ આજથી આરંભ થતાં શૈક્ષણિક કાર્યમાં પોતાને કોરોનાનું સંક્રમણ ન થાય તે માટે શું તકેદારી રાખવી તેની પણ આ માહિતી બાળકોને આપી હતી.





સેકટર-૫-સીના કોર્નર પર પાણીની પાઈપલાઈન તુટી જતા રસ્તા પર પાણીના ખાબોચિયા ભરાયા છે. અહીંથી આવતા જતા વાહનચાલકો અને રાહદારીઓને ખૂબ જ તકલીફ પડી રહી છે સત્વરે તેનું રીપેરીંગ કરવામાં આવે તેવી વસાહતીઓની માંગ છે.

# ...આ તો કેવી કરૂણતા ? કરૂણા અભિયાનના સંપર્ક નંબરો જ બંધ..!!

### ઉત્તરાયણમાં ઘાયલ પક્ષીઓને સારવાર માટે જિલ્લા કલેક્ટર દ્વારા જાહેર કરવામાં આવેલા મોટા ભાગના નંબરો બંધ હાલતમાં : ગાંધીનગરના બોરીજ અને સે. ૩૦ કેન્દ્રના નંબરો બંધ : જિલ્લાના અન્ય કેટલાંક મથકોના નંબર પણ બંધ અથવા રોંગ નંબર : દહેગામ અને કલોલની લેન્ડલાઈન પણ બંધ

(સમીર રામી દ્વારા) ગાંધીનગર, તા. ૧૧

ઉત્તરાયણના તહેવારમાં પતંગની દોરીથી અસંખ્ય પક્ષીઓ ઈજાગ્રસ્ત થાય છે જેમાં અનેક દુર્લભ પક્ષીઓ પણ દોરીની ઝપેટમાં આવી જતાં હોય છે. આ પક્ષીઓને તાત્કાલિક સારવાર મળી રહે અને શક્ય હોય તેટલાં પક્ષીઓને બચાવી શકાય તે માટે સરકાર દ્વારા આ દિવસો દરમ્યાન ''કરૂણા અભિયાન'' હાથ ધરવામાં આવે છે જે અંતર્ગત દરેક જિલ્લા, તાલુકા તથા મહત્વના કેન્દ્રો પર પક્ષીઓ માટે સારવારની વ્યવસ્થા સાથે હેલ્પલાઈન સહિતના સંપર્ક નંબરો જાહેર કરવામાં આવે છે. તાજેતરમાં ગાંધીનગર જિલ્લા કલેક્ટર દ્વારા પણ ખૂબ મોટા ઉપાડે કરૂણા અભિયાનની જાહેરાત કરવામાં આવી છે પરંતુ આ જાહેરાતની સૌથી મોટી કરૂણાતા એ છે તે તેમાં આપવામાં આવેલા સંપર્ક નંબરો પૈકી અસંખ્ય નંબરો બંધ હાલતમાં છે. બંધ ટેલિફોન નંબરોમાં સૌથી વધુ નંબરો ગાંધીનગર શહેર વિસ્તારના છે અને પ્રાપ્ત વિગતો અનુસાર લેન્ડલાઈન નંબરો લાંબા સમયથી બંધ હાલતમાં છે છતાં તેને જાહેર કરી દેવાયા છે.

ગાંધીનગર જિલ્લા કલેક્ટર દ્વારા કરૂણા અભિયાન અંતર્ગત ગાંધીનગર શહેર તથા જિલ્લાના તમામ તાલુકા મથકો અને અન્ય કેન્દ્રોના મળીને કુલ ૨૭ સંપર્ક નંબરો ઈજાગ્રસ્ત પક્ષીઓની સારવાર માટે જાહેર કરવામાં આવ્યા છે જે પૈકી ચાર લેન્ડલાઈન નંબરો છે જેમાં ગાંધીનગરના બોરીજ કેન્દ્ર ઉપરાંત દહેગામ, કલોલ અને માણસા તાલુકા કેન્દ્રોના નંબર છે. આ ચારેય તાલુકા કેન્દ્રો પૈકી માત્ર માણસા કેન્દ્રનો જ લેન્ડલાઈન નંબર કાર્યરત છે જ્યારે બોરીજ, દહેગામ અને કલોલ એમ ત્રણેય ફોન નંબર પરથી ''આઉટ ઓફ સર્વિસ'' અથવા ''ડઝ નોટ એક્ઝિસ્ટ'' જેવા મેસેજ સંભળાઈ રહ્યા છે. આ ઉપરાંત જે મોબાઈલ નંબરો જાહેર કરવામાં આવ્યાં છે તેમાં માત્ર સેક્ટર-૩૦ ખાતેનો નંબર ''સ્વીચ ઓફ'' બોલે છે જ્યારે કલોલનો મોબાઈલ નંબર ડાયલ કરતાં તે પાલનપુર જિલ્લા પંચાયતના પટાવાળા કાંતિભાઈ રાણા નામના શખ્સને લાગે છે. આ ઉપરાંત જિલ્લાના પાલુન્દ્રા, લોદરા, નારદીપુર, જામળા વગેરેના મોબાઈલ સંપર્ક નંબરોમાં કોઈ ''અસ્થાયી રૂપે સેવામાં નથી'' નો કોઈકમાં 'રોંગ નંબર' આવે છે. વળી, જાસપુર અને વડસર કેન્દ્ર પર જે વેટરનરી તબીબો છે તે પતિ-પત્નિ છે તેમના નંબરો એકબીજાના કેન્દ્રના નામે જાહેર કરાયેલા છે મતલબ કે જે જાસપુરમાં ફરજ બજાવે છે તેમનો નંબર વડસર માટે અને જે વડસરમાં ફરજ બજાવે છે તેમનો નંબર જાસપુર માટે જાહેર કરાયો છે. આમ, કરૂણા અભિયાન એ માત્ર દેખાડો હોવાની અને હકીકતમાં પક્ષીઓના બચાવ કાર્ય માટે વહીવટીતંત્રમાં કોઈ ગંબીરતા નહી હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે અને સમગ્ર કરૂણા અભિયાન ખરેખર કરૂણા ઉપજાવે તેવુ ફારસ સમાજ લાગી રહ્યુ છે જે જીવદયાના નામે બેરહમ-અસંવેદનશીલ તંત્રની બેદરકારીભરી છતી કરે છે.

### કયા કયા લેન્ડલાઈન નંબર બંધ છે ?

બોરીજ ૦૭૯-૨૩૨-૨૩૯૩૬
દહેગામ ૦૨૭૧૬-૨૩૩૦૭૪
કલોલ ૦૨૭૬૪-૨૨૨૧૫૨

કયા કયા મોબાઈલ નંબર પર સંપર્ક ના થયો ?

સે. ૩૦ ૯૪૨૮૦૬૨૧૬૧ (સ્વીચઓફ)
કલોલ ૯૮૨૪૨૮૯૨૦૦ (પાલનપુર લાગે છે)
પાલુન્દ્રા ૯૪૦૮૮૯૩૮૩૦ (સેવામાં નથી)
લોદરા ૯૪૨૮૫૨૯૪૪૨ (નો રિપ્લાય)
જામળા ૮૩૮૦૦૪૭૦૦૯ (રોંગ નંબર લાગે છે)
નારદીપુર ૯૮૩૮૯૬૯૯૨૨ (ઉપયોગમાં નથી)

# શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પ્રત્યક્ષ શિક્ષણકાર્યના પ્રારંભે વિદ્યાર્થીઓને આવકાર્યા

ગાંધીનગર, તા.૧૧

સમગ્ર રાજયમાં આજ તા. ૧૧મી જાન્યુઆરીથી શાળાઓ, કોલેજોમાં શૈક્ષણિક કાર્યનો પુનઃ પ્રારંભ થયો છે. ત્યારે શાળા પ્રવેશોત્સવ જેવો હું અનુભવ કરી રહ્યો છું. આ કાર્યમાં માત્ર શિક્ષણ વિભાગનો જ નહીં પણ આરોગ્ય વિભાગ- સામાન્ય વહીવટ વિભાગ, શાળા સંચાલકો-વાલીઓ અને સમગ્ર સમાજનો સહયોગ મળ્યો છે.



રાજય સરકાર દ્વારા સમગ્ર વિશ્વમાં વ્યાપેલા કોરોના કોવિડ-૧૯ની મહામારીના ૧૦ માસના લાંબા વેકેશન બાદ શૈક્ષણિક કાર્ય શરૂ કરવાનો નિર્ણય કર્યા છે. જેને શિક્ષણ જગતના તમામ લોકોએ આવકાર્ય છે. તમામ શાળાઓ અને કોલેજોને મંત્રીશ્રી ચૂડાસમાએ વિરોધ કરનારાઓને બાળકોના ઉજ્જવળ ભવિષ્યનો વિચાર કરવાનું જણાવી કહ્યું કે, શિક્ષણ સિવાયના બાકીના બધા જ ક્ષેત્રોમાં કામ શરૂ થઈ ગયું છે. હવે, કોરોનાની બિમારીમાંથી સાજા થવાના કેસો વધ્યા છે.

અત્યાર સુધીમાં ઓનલાઈન શિક્ષણ અપાતું હતું. પરંતુ શિક્ષકો, પ્રાધ્યાપકો અને વાલીઓની પ્રત્યક્ષ શિક્ષણની વ્યવસ્થાની હિમાયતથી વિદ્યાર્થીઓને વધારે સુગમ અને પરિણામલક્ષી બને છે. હાલ પ્રથમ તબક્કામાં ધોરણ- ૧૦ અને ૧૨ તેમજ કોલેજના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય શરૂ કરવામાં આવ્યું છે. ત્યારબાદ બાકીના ધોરણોનું શિક્ષણ કાર્ય નિયમિત થઈ જશે.

રાજય સરકારના સંનિષ્ઠ પ્રયાસો છે કે, બાળકોના સ્વાસ્થ્યનું એસ.ઓ.પી મુજબ પાલન થાય, સોશિયલ ડિસ્ટન્સ, ફરજિયાત માસ્ક તેમજ સેનીટાઈઝર સાથે બાળકનું થર્મોગનથી ચકાસણી વગેરેનું ચુસ્ત પણે પાલન કરવાની કડક સૂચનાઓ આપવામાં આવી છે. જેથી વાલીઓએ કોઈ પણ જાતનો ડર રાખવાની જરૂરિયાત નથી.

મંત્રીશ્રી ચુડાસમાએ શ્રી પી.એચ.જી. મ્યુ. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ તથા કોર્મસ કોલેજના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓને કીટ આપી આવકારીને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે કલોલ કેળવણી મંડળના ટ્રસ્ટીશ્રીઓ, સંચાલકશ્રીઓ, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ભરત વાઢેર તેમજ શાળા કોલેજના સ્ટાફ પરિવાર અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# આદિવાડા પાન પાર્લર પાસેથી ઈકોની ચોરી

### પાન-મસાલા, બિડી-સીગારેટ, બિસ્કીટ સહિતનો દોઢ લાખનો સામાન ઈકોમાં હતો. વેપારી દુકાને માલ આપવા ગયો અને શખ્સ ઈકો લઈ ગાયબ

ગાંધીનગર,તા.૧૧

ગાંધીનગર શહેરના આદિવાડા ગામથી ઈકો કારની ચોરી થઈ છે. બપોરના સમયે આદિવાડા ખાતે રજવાડી પાર્લર ખાતે વેપારી સામાન આપી રહ્યો હતો. તે સમયે કોઈ શખ્સ ગાડી લઈને ભાગી ગયો હતો. વેપારીએ બાઈક પર ઈકોનો પીછો કર્યો હતો પરંતુ ઈકો ફુલ સ્પીડે ચિલોડા તરફ ગઈ હતી. વેપારીએ રૂ.૨.૨૫ લાખની ઈકો, પાન-બીડી, મસાલા,સિગરેટનો દોઢ લાખનો માલ તેમજ રોકડા રૂ.૨૫ હજાર મળી કુલ રૂ.૪ લાખની ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૬ કિસાનનગર પ્લોટ નં.૪૩-૨ ખાતે રહેતા સુરેશભાઈ પ્રહલાદભાઈ પ્રજાપતિ પોતાના પરિવાર સાથે રહે છે. સુરેશભાઈ ઈકો ગાડીમાં પાન-બીડી મસાલાનો સામાન વેપારીઓને આપી પોતાના પરિવારનુ ગુજરાન ચલાવે છે. ફરીયાદી સવારે ૭ વાગે ઈકો ગાડી નં.જી.જે.૧૮.બી.ડી.-૩૦૫૯ માં પાન-મસાલા, બીડી-સીગારેટ, સહિતનો સામાન લઈને નીકળ્યા હતા. વિવિધ સેકટરોમાં જઈને વેપારીઓને માલ આપ્યા બાદ બપોરના એક વાગ્યાના અરસામાં આદીવાડા રજવાડી પાર્લર ખાતે આવ્યા હતા. ગાડીમાં ચાવી રાખીને પાર્લર ખાતે સામાન આપવા માટે ગયા હતા. તે સમયે ગાડી ચાલુ થવાનો અવાજ આવતા પાછળ ફરીને જોતા એક શખ્સ ગાડી લઈને ઘ-૭ તરફ જતો હતો. પોલીસને જાણ કરીને વેપારીએ બાઈક પર પીછો કર્યો હતો. પરંતુ ઈકો ચિલોડા તરફ પુરપાટ ઝડપે ગઈ હતી. ગાડીમાં આગળના ભાગે કાચ પર બ્રહ્માણી માતાજીનુ નામ લખેલ છે અને પાછળના ભાગે શેર લખ્યું છે. જયારે ગાડીમાં પાન-મસાલા, બીડી-સીગરેટ અને બિસ્કીંટ સહિતનો અંદાજીત કિં.૧.૫૦ લાખનો સામાન હતો.જયારે એક થેલીમાં રોકડ રકમ રૂ.૨૫ હજાર હતી. બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

# ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના સંચાલિત ચિલોડા ખાતે મહિલા ફ્રી-સીવણ ક્લાસનો શુભારંભ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર તાલુકાના મોટા ચિલોડા ખાતે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના આયોજિત ગાંધીનગર જિલ્લા ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ ગોવિંદસિંહ એચ. સોલંકી તથા દિલીપસિંહ કે. ઠાકોર તેમજ ઠાકોર સેનાના ભાઈ-બહેનોના સાથ-સહકાર દ્વારા મહિલા ઉત્કર્ષ-સ્વરોજગારીના ભાગરૂપે ચિલોડા ખાતે નિઃશુલ્ક સીવણ ક્લાસનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં બહેનોએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગાંધીનગર તાલુકાના પ્રમુખ સાથે ઉપપ્રમુખ અને જિલ્લા મહિલા પ્રમુખ તથા ઉપ પ્રમુખ તેમજ ઠાકોર સેનાના યુવા કાર્યકરોએ ઉત્સાહભેર મહત્વની હાજરી આપી પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ.

## જાહેર નિવિદા

આથી વનીકરણ અને તેને સંલગ્ન તથા માઈનોર સિવિલ વર્કસ અન્વયેની કામગીરી માટે ઈજારદારોની યાદી સુચિબદ્ધ કરવા માટેના ભાવો ટેન્ડરથી મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ રૂ. ૧૫૦૦/- રોકડા ભર્યેથી રજા સિવાયના દિવસોમાં કચેરી સમય દરમિયાન ગાંધીનગર વન વિભાગ હેઠળની પરિક્ષેત્ર વન અધિકારીશ્રીની કચેરી, કલોલ રેન્જ ખાતેથી ઉપલબ્ધ થશે. ટેન્ડર અંગેની શરતો તથા તે ખોલવા અંગેની તેમજ અન્ય વિગતો અત્રેની રેન્જ કચેરીએથી ઉપલબ્ધ થશે. ટેન્ડર ફોર્મ આ જાહેરાત પ્રસિદ્ધ થયેથી તા. ૧૯/૧/૨૦૨૧ના ૧૨.૦૦ કલાક સુધી મળશે. ભરેલ ટેન્ડરો તા. ૨૦/૧/૨૦૨૧ના રોજ ૧૮.૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીમાં પરત આપવાના રહેશે. માહિતી/૧૭૦૯/૨૦-૨૧